# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર

# NSS

# વાર્ષિક અહેવાલ

# 2018-2019

# NOT ME BUT YOU

# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર

## N S S યુનિટ - વાર્ષિક અહેવાલ



| ક્રમ | કામગીરી | તારીખ | પેજ નં |
|---|---|---|---|
| 1 | વૃક્ષારોપણ કાર્યક્રમ-1 | 19/07/2018 | 3 |
| 2 | NSS ઓરિએન્ટેશન મીટીંગ | 24/07/2018 | 4 |
| 3 | વૃક્ષારોપણ કાર્યક્રમ-2 | 26/07/2018 | 5 |
| 4 | સ્વચ્છ ભારત ક્લાસરૂમ સફાઈ અભિયાન | 07/08/2018 | 6 |
| 5 | સ્વચ્છ ભારત મહાપુરુષોની પ્રતિમા પરિસર સફાઈ ( વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત) | 10/08/2018 | 7 |
| 6 | સંસ્કૃતિ સ્વાધ્યાય કસોટી (વિવેકાનંદ કેન્દ્ર વડોદરા ના સહકારથી) | 14/08/2018 | 8 |
| 7 | સ્વાતંત્ર દિન રેલી | 15/08/2018 | 9 |
| 8 | યોગ શિબિર | 09/09/2018 | 10 |
| 9 | No Plastic સ્વછતા અભિયાન કેમ્પસ સફાઈ | 17/09/2018 | 11 |
| 10 | વકૃત્વ સ્પર્ધા | 18/09/2018 | 12 |
| 11 | નિબંધ સ્પર્ધા | 18/09/2018 | 13 |
| 12 | ચિત્ર સ્પર્ધા | 18/09/2018 | 14 |
| 13 | ડૉ. શ્રી એલ એન વણકર સાહેબનું વ્યાખ્યાન | 19/09/2018 | 15 |
| 14 | ઇનામ વિતરણ | 19/09/2018 | 16 |
| 15 | શેરી નાટક (સ્વચ્છતા અપનાવો) | 20/09/2018 | 17 |
| 16 | પ્રભાતફેરી (ગાંધી જયંતી ઉજવણી) | 02/10/2018 | 18 |
| 17 | આશ્રમ ભજનો | 02/10/2018 | 19 |
| 18 | IPS ઓફિસર શ્રી વી એમ પારગી સાહેબ નું વ્યાખ્યાન | 02/10/2018 | 20 |
| 19 | સર્વ ધર્મ સમભાવ ‘નાટક’ | 02/10/2018 | 21 |
| 20 | સરદાર વલ્લભભાઈ પટેલ ની 143 મી જન્મ જયંતી ની ઉજવણી | 08/10/2018 | 22 |
| 21 | રાષ્ટ્રીય એકતા દિવસ - શપથ | 30/10/2018 | 23 |
| 22 | ‘ યુવા દિવસ’ સ્વામી વિવેકાનંદ ની 156 ની જન્મ જયંતી ની ઉજવણી | 12/01/2019 | 24 |
| 23 | નેતાજી સુભાષચંદ્ર બોઝની 122મી જન્મ જયંતીની ઉજવણી | 23/01/2019 | 25 |
| 24 | રાષ્ટ્રીય મતદાર દિવસ ઉજવણી | 25/01/2019 | 26 |
| 25 | મતદાર યાદી સુધારણા કાર્યક્રમ | 29/01/2019 | 27 |
| 26 | સ્વરોજગાર માર્ગદર્શન | 13/02/2019 | 28 |
| 27 | રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ વર્કશોપ ડૉ.વણકર સાહેબ | 13/02/2019 | 29 |
| 28 | મહિલા સુરક્ષા,બાળ સુરક્ષા,સમાજ સુરક્ષા, વર્કશોપ | 13/02/2019 | 30 |

### (1) વૃક્ષારોપણ કાર્યક્રમ - 1 (19/07/2018)

તારીખ 19/07/2018 ના રોજ NSS વોલન્ટીયર્સ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે કોલેજના કોમર્સ વિભાગમાં ગેસ્ટ લેક્ચર રાખવા એમ.એસ. યુનિવર્સિટી માંથી ડૉ. બી એસ પટેલ ( ડીન કોમર્સ ફેકલ્ટી) તથા ડૉ. ઉમેશ ડાંગરવાલા (C/A Professor) હાજર રહ્યા હતા તેમના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ અભય પરમાર સાહેબ તથા સ્ટાફ મિત્રો પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સામેલ થયા હતા.






## (2) N S S ઓરિએન્ટેશન મીટીંગ (24/07/2018)

તારીખ 24/07/2018 ના રોજ કોલેજમાં રૂમ નંબર 30 માં NSS યુનિટ દ્વારા ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું.

કોલેજના પ્રથમ વર્ગ સેમેસ્ટર-1 માં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓ ને આ પ્રસંગે NSS યુનિટ વિશે જાણકારી આપવામાં આવી હતી. પ્રિ ડૉ.અભય પરમાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. "NOT ME BUT YOU" NSS નું સૂત્ર આપણા જીવનમાં ઉતારી રાષ્ટ્રીય કામગીરીમાં સામેલ થવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.










**(3) વૃક્ષારોપણ કાર્યક્રમ – 2 (26/07/2018)**

કોલેજના NSS યુનિટના ઉપક્રમે તારીખ 26/07/2018 ના રોજ સંતરામપુર વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોડ સાહેબના વરદ હસ્તે કોલેજના કેમ્પસમાં વિમ રાઉન્ડ નું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું NSS વોલન્ટીયર્સ અને સ્ટાફ મિત્ર પણ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. આ પ્રસંગે કોલેજની કબડ્ડી ટીમનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું હતું.









## (4) <u>સ્વચ્છ ભારત ક્લાસરૂમ સફાઈ અભિયાન(07/08/2018)</u>

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તારીખ 07/08/2018 ના રોજ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ક્લાસરૂમ સફાઈ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એનએસએસ વોલન્ટીયર્સ દ્વારા કોલેજના ઓરડાઓ પરસાડ અને લોબીને પોતાના હાથે સાફ કરી હતી. સ્વચ્છતા અંગે આટલી જાગૃતિ બતાવી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.










## (5) <u>સ્વચ્છ ભારત મહાપુરુષોની પ્રતિમા પરિસરમાં સફાઈ</u>**(10/08/2018)**

વિશ્વ આદિવાસી દિવસ 9 ઓગસ્ટની ની ઉજવણી નિમિત્તે કોલેજના **NSS** વોલન્ટિયર્સ દ્વારા તારીખ 10/08/2018 ના રોજ સંતરામપુર નગરમાં આવેલ દેશના મહાન પુરુષોની પ્રતિમા પરિસરની સફાઈ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં આવેલ નેતાજી સુભાષચંદ્ર બોઝ ની પ્રતિમા બજાર વિસ્તારમાં આવેલ ની પ્રતિમા બસ સ્ટેન્ડ ચોકડી વિસ્તારમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા તથા ગાયત્રી મંદિર સામે આવેલ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમાની સફાઈ કરવામાં આવી તથા આ મહાન પુરુષોની પ્રતિમાઓને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા.










**(6) <u>સંસ્કૃતિ સ્વાધ્યાય કસોટી (વિવેકાનંદ કેન્દ્ર વડોદરા ના સહકારથી)(14/08/2018)</u>**

તારીખ **14/08/2018** ના રોજ કોલેજના **NSS** યુનિટ અને વિવેકાનંદ કેન્દ્ર વડોદરા ના સાથ સહકારથી સંસ્કૃતિ સ્વાધ્યાય કસોટી નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી પુસ્તક ભગીની નિવેદિતા એક સમર્પિત જીવન પર આધારિત ઓબ્જેકટીવ ટેસ્ટ તથા લેખિત સ્વરૂપ ની કસોટી લેવામાં આવી હતી લગભગ 40 જેટલા વોલન્ટીયર્સ આ કસોટી માં સામેલ થયા તથા ભગિની નિવેદિતા ના જીવન અને કાર્યનું વાંચન કર્યું અને ટેસ્ટ આપ્યો.









## (7) <u>સ્વાતંત્ર્ય દિન રેલી</u> (15/08/2018)

તારીખ **15/08/2018** ના રોજ સ્વતંત્ર દિન નિમિત્તે કોલેજના **NSS** યુનિટ દ્વારા પર્યાવરણ જાગૃતિ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક વિશાળ રેલ નું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ.અભય પરમાર સાહેબ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં સ્વચ્છતા નું મહત્વ પર્યાવરણ જાગૃતિ તથા દેશભક્તિના નારા લગાવવામાં આવ્યા હતા. રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા રાષ્ટ્રીય જાગૃતિ અને દેશભક્તિનું અનોખું વાતાવરણ સર્જાયું હતું.

ત્યારબાદ વોલેન્ટીયર્સ ધ્વજવંદન કાર્યક્રમમાં સામેલ થયા હતા.










## (8) <u>યોગ શિબિર(09/09/2018)</u>

તારીખ **09/09/2018** ના રોજ **NSS** યુનિટ દ્વારા એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી વડોદરા વિભાગ સંતરામપુર શાખા ના કાર્યકર્તાઓ શ્રી ભરતભાઈ ચૌહાણ, કંજલબેન ઠાકોર વગેરે એ વિદ્યાર્થીઓને વિવિધ યોગાસનો કરાવ્યા હતા. આ પ્રસંગે સૂર્ય નમસ્કાર તેમજ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.









**(9) <u>સ્વચ્છતા અભિયાન કેમ્પસ સફાઈ(17/09/2018)</u>**

**<u>તારીખ 17/09/2018 ના રોજ મહાત્મા ગાંધીની 150મી જન્મ જયંતી ની ઉજવણી ના ભાગરૂપે NSS વોલન્ટીયર્સ દ્વારા કોલેજ કેમ્પસ નો થીમ અંતર્ગત સ્વચ્છતાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ ક્લાસરૂમ તથા કોલેજ કેમ્પસની સફાઈ કરી હતી, કોલેજ કેમ્પસના ખૂણે ખૂણેથી પ્લાસ્ટિક બેગ, થેલી, પાઉચ, વગેરે વીણીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો.</u>**








## મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતિ ની ઉજવણી અંતર્ગત

### (10)વકૃત્વ સ્પર્ધા(18/08/2018)

સ્વચ્છતા અભિયાન અંતર્ગત એનએસએસ યુનિટ દ્વારા કોલેજમાં વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું ‘મારું જીવન એ જ મારો સંદેશ ગાંધીજી’, ‘સાદુ જીવન ઉચ્ચ વિચાર’ તથા ‘સ્વચ્છતા નું મહત્વ’ જેવા વિષય પર વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.







## મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતી ની ઉજવણી

### (11)નિબંધ સ્પર્ધા(18/09/2018)

સ્વચ્છતા અભિયાન અંતર્ગત NSS યુનિટ દ્વારા ' સ્વચ્છ દેશ, સ્વસ્થ સમાજ' વિષય ઉપર નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ' સ્વચ્છ દેશ સ્વસ્થ સમાજ' વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.









## મહાત્મા ગાંધીજીની ૧૫૦ ની જન્મ જયંતિ ની ઉજવણી

### (12) ચિત્ર સ્પર્ધા( સ્વચ્છતા અભિયાન અંતર્ગત)

તારીખ **18/09/2018** ના રોજ **NSS** યુનિટ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું કોલેજના **NSS** ના વોલન્ટીયર્સ તેમજ અન્ય વિદ્યાર્થી ઓએ મળી કુલ 24 વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લીધો સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી વિષય ઉપર જાગૃતિ લાવવા ના આશયથી વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ સુંદર સંદેશો આપતા ચિત્રો દોર્યા હતા.








## મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતી ની ઉજવણી

**(13)ડૉ. શ્રી.એલ. એન. વણકર સાહેબનું વ્યાખ્યાન (19/09/2018)**

સ્વચ્છતા અભિયાન અંતર્ગત **NSS** યુનિટ દ્વારા તારીખ 19/**09/2018** ના રોજ કોલેજ સેમિનાર હોલમાં સ્વચ્છતા સંબંધી જાણકારી, આરોગ્ય ની જાળવણી, તથા સ્વાઈન ફ્લૂ જેવા રોગોથી કેવી રીતે બચી શકાય તે અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું

આ પ્રસંગે સંતરામપુર તાલુકાના આરોગ્ય અધિકારી શ્રી. ડૉ. એલ. એન. વણકર સાહેબ તથા ગાડીયા પ્રા. આરોગ્ય કેન્દ્રના ડૉ. મશી સાહેબ હાજર રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા નું મહત્વ સમજાવ્યું તથા સ્વાઈન ફ્લુથી થતા વિવિધ રોગોથી બચવાની ટ્રીક સમજાવી હતી. તાજો ઘરનો ખોરાક ખાવો, નિયમિત હાથ ધોવા, માસી ખોરાક તેમજ વાસી ફળો ખાવા નહીં, આરોગ્ય ચકાસણી કરાવવી વગેરે અંગે જાણકારી આપી.














## મહાત્મા ગાંધીજીની 150 ની જન્મ જયંતી ની ઉજવણી

### (14) ઇનામ વિતરણ (19/09/2018)

મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતી ની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણ તથા સર્ટિફિકેટ વિતરણ નું કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ડૉ.એલ. એન. વણકર સાહેબના હસ્તે વિદ્યાર્થીઓને ઇનામ અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.







**(15) <u>શેરી નાટક (સ્વચ્છતા અપનાવો)(20/09/2018)</u>**

**સ્વચ્છતા અભિયાન અંતર્ગત તારીખ 20/09/2018 ના રોજ NSS અને NCC ના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા નું મહત્વ સમજાવતું શેરી નાટક ભજવવામાં આવ્યું હતું. સંતરામપુર બસ સ્ટેન્ડ ચોકડી વિસ્તારના ભરચક બજારમાં વિદ્યાર્થીઓએ નાટક દ્વારા સ્વચ્છતા નો સંદેશ આપ્યો હતો મોટી સંખ્યામાં નગરજનોએ આ નાટકનો લાભ લીધો હતો.**











## (16) <u>પ્રભાતફેરી (ગાંધી જયંતી ઉજવણી)(02/10/2018)</u>

કોલેજના **NSS** યુનિટ દ્વારા તારીખ **2** જી ઓક્ટોબર **2018** ના રોજ સવારમાં પ્રભાતફેરી નું આયોજન કરવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા પાસેથી પ્રભાતફેરીનું આયોજન થયું **NSS, NCC,** સહિત કોલેજના તમામ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પ્રભાત થેરીમાં જોડાયા હતા સંપૂર્ણ કોલેજ કર્મચારી સ્ટાફ પણ આ પ્રભાતફેરીમાં સામેલ થયો હતો, રેલી બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા થી બસ સ્ટેન્ડ ચોકડી થઈ કોલેજ રોડ પર આગળ વધી હતી ' મહાત્મા ગાંધી અમર રહો', ' જબ તક સુરજ ચાંદ રહેગા ગ**** તેરા નામ રહેગા', ' મહાત્મા ગાંધી અમર રહો' જેવા સૂત્રો પોકાર્યા હતા પ્રભાતફેરીમાં સ્વચ્છતા અભિયાન અંગેના સૂત્રો તથા દેશભક્તિ અંગેના સૂત્રો પોકારવામાં આવ્યા હતા.












## (17) આશ્રમ ભજનાવલી (02/10/2018)

ગાંધી જયંતી નિમિત્તે સવારે 10:30 કલાકે કોલેજ હોલમાં આશ્રમ ભજનાવલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે **NSS** વોલન્ટીયર્સ દ્વાર મહાત્મા ગાંધીજીને પ્રિય ' વૈષ્ણવજન તો તેને રે કહીએ'.... ભજન ગાયું હતું તથા ગાંધીજીના જીવન પ્રસંગો વર્ણવતા અન્ય ભજનો જેવા કે ' હિરલો રે ગુમાવ્યો આખા હિંદનો....' વગેરે ભજનો ગયા હતા અને મહાત્મા ગાંધીજીને યાદ કર્યા હતા. આ પ્રસંગે એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વી. એમ. પારગી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પારગી સાહેબે વિદ્યાર્થીઓને વિસ્તૃત સંબોધન કર્યું હતું. કારકિર્દી માર્ગદર્શન પણ આપ્યું હતું વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવ આપ્યા હતા વિદ્યાર્થીઓને ઇનામ અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.



**(18)<u>IPS ઓફિસર શ્રી  વી. એમ. પારગી સાહેબ નું વ્યાખ્યાન(02/10/2018)</u>**

**મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતી નિમિત્તે IPS ઓફિસર શ્રી  વી. એમ. પારગી સાહેબ( એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ) નું ઉદબોધન રાખવામાં આવ્યું હતું.શ્રી  વી. એમ. પારગી સાહેબે વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીજીના જીવન અને કાર્યો વિશે માહિતી આપી હતી તથા ગાંધીજીના આદર્શોને  સાર્થક કરવા જણાવ્યું હતું.**









**(19) સર્વ ધર્મ સમભાવ નાટક(02/10/2018)**

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી ની ઉજવણી નિમિત્તે **NSS** વોલન્ટીયર્સ એ દેશના સર્વ ધર્મ સમભાવની ભાવના કેળવાય અને રાષ્ટ્રીય એકતા મજબૂત બને તેવા ઉપદેશ સાથે એક સુંદર નાટક પ્રસ્તુત કર્યું હતું.









### (20) સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ની ઉજવણી (08/10/2018)

### વિવિધ સ્પર્ધાઓનું આયોજન

સરદાર વલ્લભભાઈ પટેલની 143 મી જન્મ જયંતી ની ઉજવણી નિમિત્તે કોલેજના **NSS** યુનિટ દ્વારા નિબંધ સ્પર્ધાઓનું અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.'અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ' વિષય અંતર્ગત નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ 30 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્ય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વકૃત્વ સ્પર્ધામાં આજ વિષય ઉપર નવ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.










**(21) <u>રાષ્ટ્રીય એકતા દિવસ- શપથ(30/10/2018)</u>**

**તારીખ 30/10/2018 ના રોજ કોલેજ કેમ્પસમાં NSS અને NCC સહિત કોલેજના તમામ વિદ્યાર્થીઓની હાજરીમાં રાષ્ટ્રીય એકતા દિવસની આ પ્રસંગે સ્ટાફ કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રની એકતા અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા સ્વયમને સમર્પિત કરવા અને યોગદાન આપવાના શપથ લીધા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ ને યાદ કરવામાં આવ્યા હતા.**









**(22) <u>યુવા દિવસ(12/01/2019)</u>**

<u>સ્વામી વિવેકાનંદ ની 156 ની જન્મ જયંતી ની ઉજવણી (વકૃત્વ સ્પર્ધા/ નિબંધ સ્પર્ધા )</u>

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS અને ઇતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ ની 156 ની જન્મ જયંતીની શાનદાર ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે NSS ના સ્વયંસેવકોએ સંતરામપુર નગરમાં આવેલ સ્વામી વિવેકાનંદ ની પ્રતિમાને સાફ-સફાઈ કરીને પુષ્પ માળા અર્પણ કરી હતી તથા ' સ્વામી વિવેકાનંદ: અમર રહો' ના સુત્રો પોકાર્યા હતા ત્યારબાદ NSS અને ઇતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે " સ્વામી વિવેકાનંદ: જીવન અને સંદેશ" વિષય પર વકૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો આ પ્રસંગે અગાઉની સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો કુલ 19 વિદ્યાર્થીઓએ નિબંધ અને નવ વિદ્યાર્થીઓએ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો પ્રિન્સિપાલ ડૉ. અભય પરમારે પ્રસંગને અનુરૂપ સ્વામી વિવેકાનંદ ના જીવન વિશે વિદ્યાર્થીઓને બે શબ્દો કહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન NSS કૉ. ઓર્ડીનેટર અને ઇતિહાસ  વિભાગ ના અધ્યક્ષ ડૉ. અમૃત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું.












## (23) <u>નેતાજી સુભાષચંદ્ર બોઝની 122 મી જન્મ જયંતી ની ઉજવણી(23/01/2019)</u>

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર તારીખ **23/01/2019** ને બુધવારના રોજ ઇતિહાસ વિભાગ અને **NSS** ના સંયુક્ત ઉપક્રમે નેતાજી સુભાષચંદ્ર બોઝ ના 122 માં જન્મદિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિ. ડૉ. અભય પરમાર દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝ ના ફોટાને પુષ્પહાર પહેરાવી પુષ્પાંજલિ આપવામાં આવી હતી. ઉપરાંત પ્રો. ડૉ. મનુભાઈ સુથાર, પ્રો. ડૉ. અમૃત ઠાકોર તથા **NSS** ના સ્વયંસેવકોએ પણ નેતાજી ના ફોટા ને પુષ્પાંજલિ આપી હતી આ પ્રસંગે. પ્રિ. ડૉ. અભય પરમાર એ પોતાના પ્રસંગો નું ઉદબોધન વિદ્યાર્થીઓને જણાવ્યું કે તેમણે મહાપુરુષોના જીવન ચરિત્રો વાંચીને તેમનાથી પ્રેરણા લેવી જોઈએ અથાગ પ્રયત્નો પછી આપણા દેશને આઝાદી મળી છે ત્યારે આપણે તેનું ગર્વ છે ગૌરવ જાળવવું તથા લોકશાહીનું જતન કરવું જોઈએ. ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. અમૃત ઠાકોરે વિદ્યાર્થીઓને નેતાજી સુભાષચંદ્ર બોસના જીવનનો પરિચય કરાવ્યો તથા સ્વતંત્રતા સંગ્રામમાં નેતાજી અને આઝાદ હિન્દ ફોજ ના ફાળાની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે કલકત્તા થી ગોમહ, પેશાવર, અફઘાનિસ્તાનમાંથી રશિયા અને રશિયા થી જર્મનીની નેતાજી ની સફર તથા જર્મનીથી જાપાન સુધીની ભરી મુસાફરી તથા આઝાદ હિન્દ ફોજના વિજયો અને નેતાજીના આકસ્મિક અવસાન જેવી ઘટના નો ક્રમાંકને સાંકળીને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું

પ્રાધ્યા પીકા શકુંતલા બલાતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કુલ 86 વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં રજીસ્ટર થયા હતા.












## (24) રાષ્ટ્રીય મતદાર દિવસ ઉજવણી(25/01/2019)

આજરોજ 25 જાન્યુઆરી 2019 મતદાન દિવસ નિમિત્તે આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં સંતરામપુર વિસ્તારના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોડ અને સરકારના પ્રતિનિધિ તરીકે મામલતદાર શ્રી વિમલ ચૌધરીની ઉપસ્થિતિમાં ઉજવણી થઈ કોલેજના આચાર્યશ્રી ડૉ. અભય પરમાર અને ઉપયોક્ત મહેમાનોએ લોકશાહી તેમ જ આપણી ફરજો અને અધિકારો વિશે વિગતે સમજ આપી. મતદાન યાદી અને વોટર આઇડી વિશે સજાગતા સાથે મતદારોને ભારતના ભવિષ્યના નિર્માણ માટે મતદાન પ્રતિજ્ઞા લેવડાવી. NSS ના સંયોજક ડૉ. અમૃત ઠાકોર અને NCC ઓફિસર  ડૉ. કામિની દશોરાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.

તટસ્થ ન્યાયી અને નિર્ભય રીતે ચૂંટણીઓ થાય મતદારો પોતાના મતાધિકારો નો વધુમાં વધુ ઉપયોગ કરે તથા લોકશાહી પ્રણાલીઓની જાળવણી થાય તે વાત પર વક્તાઓએ વિશેષ ભાર મૂક્યો તથા વિદ્યાર્થીઓ પોતે તથા પોતપોતાની આસપાસના જે યુવાનોએ ચૂંટણી કાર્ડ કઢાવ્યા નથી તે તાત્કાલિક આ માટે તૈયાર થાય પરિવારના સભ્યોને ઇલેક્શન કાર્ડ મેળવી તે અંગે જણાવવામાં આવ્યું હતું.











## (25) <u>મતદાર યાદી સતત સુધારણા કાર્યક્રમ (29/01/2019)</u>

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર **NSS** વિભાગ દ્વારા મતદાર યાદી સતત સુધારણા કાર્યક્રમ 2019 નું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે વિદ્યાર્થીઓએ નવા ચૂંટણી કાર્ડ કાઢવા તથા પોતાના આસપાસના કુટુંબજનો સગા સંબંધીઓને ચૂંટણી કાર્ડ કાઢવા ફોર્મ નંબર છ નું વિતરણ કરવામાં આવ્યું સંતરામપુર મામલતદાર કચેરી તરફથી ફોર્મ પૂરા પાડવામાં આવ્યા હતા. તારીખ **31/01/2019** ના રોજ ફોર્મ મામલતદાર સંતરામપુર ખાતે જમા કરાવવામાં આવ્યા. કુલ ૭૦ વિદ્યાર્થીઓએ નવા મતદાન કાર્ડ મેળવવા માટે ફોર્મ જમા કરાવ્યા હતા.












## (26) <u>સ્વરોજગાર માર્ગદર્શન (13/02/2019)</u>

આજરોજ તારીખ **13/02/2019** ના રોજ કોલેજમાં **NSS** અને જિલ્લા રોજગાર કચેરી લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે સ્વરોજગાર માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે જિલ્લા રોજગાર કચેરી લુણાવાડાના શ્રી પ્રિયંકાબેન ભટ્ટ હાજર રહ્યા હતા તેમણે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રમાં સ્વરોજગારી વિશે માહિતી આપી હતી. તથા સ્વરોજગારી માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી તથા રોજગાર કચેરીમાં વિદ્યાર્થીઓના નામની નોંધણી કરાવવામાં આવી હતી.











## (27) <u>રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ વર્કશોપ</u>(13/02/2019)

આજરોજ તારીખ 13/02/2019 ના રોજ કોલેજમાં NSS વિભાગ અને તાલુકા હેલ્થ ઓફિસર સંતરામપુરના ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એલ. એન. વણકર સાહેબ, ડિસ્ટ્રીક ડેટા મેનેજર શેખ સાહેબ તથા MPHW પ્રજાપતિ કલ્પેશભાઈ હાજર રહ્યા હતા, ડૉ. વણકર સાહેબે તમાકુથી આરોગ્યને થતી હાનિ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું ડિસ્ટ્રીક ડેટા મેનેજર ચેક સાહેબે તમાકુના વ્યસનમાંથી કઈ રીતે છૂટી શકાય તેની સરસ માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી.











### (28) મહિલા સુરક્ષા, બાળ સુરક્ષા, સમાજ સુરક્ષા વર્કશોપ

આજરોજ તારીખ **13/02/2019** ને બુધવારના રોજ કોલેજમાં **NSS** વિભાગ દ્વારા જિલ્લા મહિલા સહાયતા કેન્દ્ર લુણાવાડા તથા જિલ્લા 12 સુરક્ષા કચેરી લુણાવાડા તથા જિલ્લા સમાજ સુરક્ષા કચેરી લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા મહિલા સહાયતા કેન્દ્રમાં અધિકારી શ્રી સરલાબેન ભાગોર ઉપસ્થિત રહ્યા તેમણે મહિલા સુરક્ષા અંગેની સરકાર ની વિવિધ યોજનાઓ તથા મહિલા સુરક્ષા કાયદા અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી

બીજા ક્રમે બાળ સુરક્ષા વિભાગના મીનાક્ષીબેન રાણા ઉપસ્થિત રહ્યા હતા તેમણે બાળ સુરક્ષા બાળમજૂરી રખડતા બાળકો વગેરે અંગેના સરકારના કાયદાઓની માહિતી આપી હતી તથા બાળકોના અધિકારોના રક્ષણ માટે બાળકોની સુરક્ષા માટે આપણે શું શું કરી શકીએ તેની વિસ્તૃત માહિતી આપી હતી.

ત્રીજા ક્રમે જિલ્લા સમાજ સુરક્ષા વિભાગના રેણુકાબેન મેળા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સમાજ સુરક્ષા અંગેની સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને માહિતી મેળવી હતી.









